# નાના ઘર માટે વિવિધ સ્ટેરકેસ ડીઝાઈન્સ




નાના ઘર માટે થોડામાં થોડી સ્પેસ પણ મહત્ત્વની હોય છે અને જો કોઈ વ્યક્તિ પોતાના ઘરની દરેક સ્પેસનો યોગ્ય અને મહત્તમ ઉપયોગ કરવા માગતી હોય તો અગાઉથી જ ઘરના માળખામાં પ્લાનીંગ કરવું જરૂરી છે. પરંપરાગત ડીઝાઈનવાળી સીડી ઘણી જગ્યા રોકે છે. તેના કારણે સ્ટોરેજ અને અન્ય ફર્નિચર માટે સ્પેસ બચતી નથી માટે આયોજનપૂર્વક તમે તમારા નાના ઘર માટે યોગ્ય સીડી ડીઝાઈન પસંદ કરી શકો છો જે ઘરમાં સ્પેસ આપે અને ઘરને મોડર્ન લુક પણ આપે. અહીં નાના ઘર માટે કેવા કેવા પ્રકારની સીડી બનાવી શકાય તેના વિષે વિસ્તૃત માહિતી આપી છે જેથી ઘરમાલિકો ઓછામાં ઓછી જગ્યામાં સીડી બનાવીને સર્જનાત્મકતા લાવી શકે અને સાથે ઘરમાં સ્પેસ પણ રહે.

## સ્પાઈરલ સ્ટેર્સ

નાના ઘરમાં સર્પાકાર સીડીઓ તેમના લુક માટે અને ઓછી જગ્યા રોકતા હોવાને કારણે લોકપ્રિય છે. દેખાવે સુંદર આ સર્પાકાર સીડી રૂમમાં બધાંના ધ્યાનનું કેન્દ્ર બની રહે છે. તેની અનોખી ડીઝાઈન ડ્રામેટિક ઈફેક્ટ આપે છે અને આધુનિક અથવા પરંપરાગત કોઈ પણ પ્રકારના ઘરમાં સૂટ કરે છે.

## ફ્લોટિંગ સ્ટેર્સ

ફ્લોટિંગ સ્ટેર્સ આધુનિકતાનું પ્રતિનિધિત્વ કરે છે અને રૂમને એક નવો લુક આપે છે. ફ્લોટિંગ સીડીઓ બનાવવા માટે કાચ અને લાકડાનો ઉપયોગ કરવામાં આવે છે જેથી સીડીની નીચે પુષ્કળ પ્રકાશ છે એવો ભ્રમ ઊભો કરી શકાય. તે સુંદરતાનો સ્પર્શ આપે છે અને નાના ઘરને સ્પેશિયસ અને હવા-ઉજાસવાળી બનાવે છે. મેટ ફિનિશવાળી લાકડા જેવી દેખાતી ટાઈલ્સનો ઉપયોગ ફ્લોટિંગ ટાઈલ્સ તરીકે કરી શકાય. આ મજબૂત ટાઈલ્સ લાંબા સમય સુધી ટકી શકે છે જેના કારણે તેમની સંભાળ રાખવાની સરળ રહે છે. મોડર્ન હોય કે પરંપરાગત કોઈ પણ ડીઝાઈનવાળા ઘરમાં તે સૂટ કરે છે.

## લાકડાની સીડી

લાકડાની સીડી એક સરળ અને ફ્લેક્સીબલ ઓપ્શન છે. નાના ઘર માટે ઘણી લોકપ્રિય છે કારણ કે તે જગ્યાને આધુનિક અને સ્ટાઈલીશ બનાવે છે. તે કોઈ પણ પ્રકારના ઘરના આંતરિક સુશોભન સાથે



સારી રીતે જાય છે. જે લોકો ઉપયોગિતા અને સ્ટાઈલ બંનેને મહત્ત્વ આપે છે તેઓ આ પ્રકારની સીડી વધુ પસંદ કરે છે.

## કોર્નર સ્ટેર્સ

નાના ઘર માટે જગ્યા બચાવવાની બીજી પણ એક રીત છે તે છે કોર્નર સ્ટેર્સ. આ પ્રકારની સીડીઓ ફ્લોર સ્પેસ બચાવવા માટે રૂમના ખૂણામાં બનાવવામાં આવે છે . સામાન્ય રીતે સ્ટીલ અથવા અન્ય મજબૂત સામગ્રીમાંથી આ સીડી બનાવવામાં આવે છે. ક્યારેક તેમાં થોડી કોર્નર સ્પેસ બચે છે જ્યાં સુશોભનની વસ્તુ મૂકીને આકર્ષક બનાવી શકાય. સલામતી અને દેખાવને ધ્યાનમાં રાખીને કોર્નર સ્ટેર્સમાં ટાઈલ્સનો ઉપયોગ કરવો શ્રેષ્ઠ વિકલ્પ છે.

## કોમ્પેક્ટ સ્ટેર્સ વિથ ઓપન બુકશેલ્ફ

ઓપન બુક કેસવાળી સ્ટેર્સનો ઉપયોગ કરવો એ ઓછી જગ્યાનો સ્માર્ટ ઉપયોગ કરવાની એક સારી રીત છે. ઓપન શેલ્ફનો પુસ્તકો, ફોટા, શોપીસ અથવા અન્ય ગમતી વસ્તુઓ મૂકવામાં ઉપયોગ કરી શકાય. આ ડીઝાઈન જગ્યા બચાવવામાં મદદ કરે છે અને તમારા ઘરમાં સ્ટોરેજ અને સ્ટાઈલનો ઉમેરો કરે છે. તેના કારણે ફ્લોર સ્પેસ બચે છે જેનો ઉપયોગ તમે મનપસંદ રીતે કરી શકો છો. નાના ઘર કે ઓછી જગ્યાવાળા ઘર માટે આ એક શ્રેષ્ઠ વિકલ્પ છે.



## વર્ટીકલ સ્ટેર્સ

આધુનિક ઘર માટે વર્ટીકલ સ્ટેર્સ એક અનોખી અને જગ્યા બચાવતો વિકલ્પ છે. તે દીવાલ સાથે જોડાયેલી સીડી જેવી જ દેખાય છે. પ્રોફેશનલ જગ્યાઓ માટે તે એક સારો વિકલ્પ છે. ઘર માટે તે બોલ્ડ પસંદગી છે. જો તમે ઘરને અલગ લુક આપવા માંગતાં હો તો તેનો ઉપયોગ કરી શકો. નાની જગ્યાઓ માટે તે ઉત્તમ છે જ્યાં રેગ્યુલર સીડી વધારે જગ્યા રોકી શકે છે. સીડીમાં ટાઈલ્સનો ઉપયોગ કરવાથી તેની જાળવણી સરળ બને છે અને દેખાવ પણ સારો લાગે છે.

## વુડન સ્ટેર્સ

નેચરલ અને આકર્ષક લુક જેને પસંદ છે તે લોકો આ પ્રકારની સીડી પસંદ કરે છે. લાકડું ટકાઉ હોય છે અને ઘણા પ્રકારનાં ઘરોમાં તે સૂટ કરે છે. જો યોગ્ય રીતે ઈન્સ્ટોલ કરવામાં આવે અને યોગ્ય જાળવણી કરવામાં આવે તો તે મિલકતનું મૂલ્ય વધારી શકે છે. આ ઉપરાંત, લાકડા જેવી દેખાતી પ્લેન્ક ટાઈલ્સનો ઉપયોગ પણ કરી શકાય જે ભીનાશ અને સ્ક્રેચનો સામનો કરી શકે છે.

## જીઓમેટ્રીકલ સ્ટેપ્સ

જીઓમેટ્રીકલ સ્ટેપ્સ એ ઘરમાલિકો માટે નવીનતમ અને સૌથી આકર્ષક સીડી ડીઝાઈન છે. આ સ્ટેપ્સમાં ઘણા અનન્ય શેપ્સનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે, રાઉન્ડ શેપ. રાઉન્ડ અને કોર્નર જેવા આકર્ષક આકારો બનાવીને સીડી બનાવવામાં આવે છે. તમારી કલ્પનાશક્તિ પ્રમાણે સીડી ડીઝાઈન કરી શકો છો. તેના પર વિવિધ રંગો અથવા પેટર્નનો ઉપયોગ તેમને વધુ આકર્ષક બનાવે છે.

## L શેપ્ડ સ્ટેર્સ

આ પ્રકારની સીડીઓ ઘણી ઉપયોગી રહે છે જ્યાં ઓછામાં ઓછી જગ્યા ઉપલબ્ધ હોય. તેના L શેપને કારણે કોઈ પણ વ્યક્તિ મર્યાદિત જગ્યામાં ખૂણાના ભાગમાં આવી સીડી બનાવી શકે છે જેનાથી વધારે સ્પેસ રોકાતી નથી. જ્યાં નાનામાં નાની જગ્યા પણ મહત્ત્વની હોય છે તેવા ઘર માટે તે શ્રેષ્ઠ વિકલ્પ છે.

આમ, સ્પેસ, તમારી જરૂરિયાત, મજબૂતાઈ, સલામતી અને દેખાવના આધારે તમારા ઘરમાં કેવા પ્રકારની સ્ટેર ડીઝાઈન સૂટ કરશે તે તમે નક્કી કરી શકો છો.

